## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




લો સાહેબ, આ આપણાં શહેરના પાણીનાં રીપોર્ટ, હવે તમારે આ કારણોસર દારૂની પરમીટ મને આપવી પડશે...!!!

# જિલ્લાના ૧૦૬ ગામને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજનાની પ્રોત્સાહક ગ્રાન્ટ અપાઈ

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગર જિલ્લાના ૧૦૬ ગામમાં સ્વચ્છતા વેરાની વસુલાત ૫૦ ટકાથી વધુ થતાં આ ગામોને સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ખાસ પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે રૂ. ૩.૦૪ કરોડ આપવામાં આવશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ અંગેની ગ્રાન્ટ જિલ્લાને ફાળવી દેવામાં આવતાં જિલ્લા દ્વારા પણ જે તે તાલુકાને આ ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના જે ૧૦૬ ગામમાં સારી વસુલાત થઈ છે તેમાં ગાંધીનગર તાલુકાના ૨૯, દહેગામના ૧૫, માણસાના ૨૮ અને કલોલ તાલુકાના ૩૪ ગામોનો સમાવેશ થાય છે.

આ ગ્રાન્ટ તાલુકા પ્રમાણે જોઈએ તો ગાંધીનગરને ૭૩.૬૮ લાખ, દહેગામને ૧૧.૭૧ લાખ, માણસાને ૭૫.૩૮ લાખ અને કલોલ તાલુકાને એક કરોડ ૪૪ લાખથી વધુ રકમ મળવા પાત્ર થતાં તે ચુકવણી કરી દેવામાં આવી છે.

૨૦૧૮-૧૯માં થયેલ સફાઈવેરાની વસુલાતને આધારે આ પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જિલ્લામાં મહેસુલી વેરાની વસુલાત ઓછી થાય છે. જો કે પંચાયત પોતાના વેરાઓ પણ ઉઘરાવવામાં ઉદાસીનતા દાખવી રહી છે તેથી આ વસુલાત અસરકારક રીતે થાય તે માટે જિલ્લાના તમામ તલાટીઓને તાકીદ પણ કરવામાં આવી છે.

તાજેતરમાં યોજાયેલ સ્નેહમિલન કમ કાર્યશાળામાં પણ નિષ્ઠાપૂર્વકની ફરજ માટે તલાટીઓને ખાસ ભારપૂર્વક સૂચના અપાઈ હતી. જિલ્લામાં જે ગામની ઓછી વસુલાત અને નબળી વસુલાત હોય તે ગામને અલગ તારવવા માટેની સૂચનાઓ પણ જિલ્લા કક્ષાએથી આપવામાં આવી છે.



## પીડીપીયુની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝ ખાતે ઈન્સ્પાનો ત્રિદિવસીય વર્કશોપ

ન્યુ ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ખાતે તાજેતરમાં ઈન્ડિયન સ્કૂલ સાયકોલોજી એસોસિએશન "ઈન્સ્પા" દ્વારા "સ્કૂલ સાયકોલોજી અને કોમ્પ્ટેન્સિસ" વિષયે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ વર્કશોપમાં ગાંધીનગર ઉપરાંત ચંદીગઢ, કાનપુર, ચેન્નઈ, મિઝોરમ તથા બાંગ્લાદેશ અને બેંગકોક સહિતના સ્થળેથી પણ તાલીમાર્થીઓ જોડાયાં હતા. ઈન્સ્પા પ્રેરિત ત્રિદિવસીય વર્કશોપમાં ગુજરાત યુનિવર્સિટીના એચઆરડીસી વિભાગના ડાયરેક્ટર પ્રો. જગદીશ જોશીએ ઉદ્‌ઘાટન પ્રવચન પ્રસ્તુત કરતા યુવાનોમાં માનસિક તણાવના કારણે વધતી જતી આત્મહત્યાઓ સંદર્ભે બાળ મનોવિજ્ઞાનના તાજેતરમાં થયેલા સંશોધનો અંગે જાગૃતિ ફેલાવવા પર ભાર મુક્યો હતો. તેમણે ટીમવર્ક અને સહયોગના મહત્વને પણ ધ્યાને રાખવા તાકીદ કરી હતી. આ પ્રસંગે ચેન્નઈથી આવેલા તામિલનાડુના સ્ટેટ ટ્રેનિંગ સેન્ટરના ડાયરેક્ટર પ્રો. નટરાજને આજના અત્યંત સ્પર્ધાત્મક વાતાવરણમાં બાળકના મનની જરૂરિયાતોને સમજવું તેમજ કૌશલ્યનો વિકાસ કરવા પર ધ્યાન આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે અન્ય નિષ્ણાંતોએ પણ તેમના વિચારો રજુ કર્યા હતા.

# અમિત શાહના સંદેશની સાથે યોજાયેલી ગાંધી સંકલ્પ યાત્રા

### મન મેં બાપૂ કાર્યક્રમ થકી સ્વચ્છતા અને પર્યાવરણ બચાવો જેવા જીવનના મુલ્યો સાચા અર્થમાં અમલમાં મુકાયા છે

અમદાવાદ,તા.૧૭
પ્રદેશ ભાજપા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં "મન મે બાપુ" ના ભાવ સાથે ગાંધીજીના વિચારો-આદર્શોનો સંદેશો લઈને ભાજપા દ્વારા સમગ્ર દેશના તમામ લોકસભા ક્ષેત્રોમાં ૧૫૦ કિલોમીટરની પદયાત્રાના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. આ ઉજવણીના ભાગરૂપે આજરોજ ગાંધીનગર લોકસભા વિસ્તારના સાંસદ, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના શુભેચ્છા સંદેશ સાથે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિ અને આગેવાની હેઠળ અમદાવાદ ખાતે પદયાત્રા યોજાઇ હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના વરદ્‌હસ્તે લીલીઝંડી આપી અમદાવાદના વસ્ત્રાપુર તળાવ પાસે આવેલ સરદાર પટેલની પ્રતિમા થી પદયાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પદયાત્રાનું સમાપન માનસી સર્કલ થઈ કામેશ્વર વિદ્યાલય - ગોલ્ડ કોઈન ચાર રસ્તા - રાઠી હોસ્પિટલ - શ્રધ્ધા સ્કુલ - જોધપુર ગામ ખાતે થયુ હતુ. આશરે પાંચ કિલોમીટરની આ પદયાત્રામાં ગાંધીજીના વિચારો સાથેની થીમ, ટેબ્લો સાથે નરસિંહ મહેતા રચિત ગાંધીજીના પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" સાથે જોધપુર ગામ સુધી લઈ જવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે દેશના પ્રજાવત્સલ અને લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં 'ગાંધી સંકલ્પ યાત્રા' થઈ રહી છે અને આજે કેન્દ્રિય ગૃહ મંત્રી અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના મત વિસ્તાર ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આ પદયાત્રાનું પ્રસ્થાન થઈ રહ્યું છે ત્યારે આપણે સૌ મહાત્મા ગાંધીજીના જીવન મૂલ્યો અને આદર્શોને આત્મસાત્ કરવાનો સંકલ્પ કરીએ. વાઘાણીએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુનું જીવન ચરિત્ર અને વિચારો ફક્ત પુસ્તક પૂરતા જ સીમિત ન રહીને દેશના જન-જન સુધી પહોંચે તે માટેના અથાગ પ્રયત્નો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. 'મન મે બાપુ' કાર્યક્રમ થકી સ્વચ્છતા, પર્યાવરણ બચાવો, અસ્પૃશ્યતા હટાવો, બેટી બચાવો બેટી પઢાવો જેવા મહાત્મા ગાંધીજીના જીવનમૂલ્યોને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાચા અર્થમાં અમલમાં મુકી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીજી ઉપરાંત સરદાર વલ્લભ પટેલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, છત્રપતિ શિવાજી, બાબાસાહેબ આંબેડકર સહિતના મહાપુરુષોને સન્માન આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ તથા ભાજપાના કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાજીના નેતૃત્વમાં આજે આદર્શ અને શક્તિશાળી ભારતનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે, આગામી સમયમાં પૂજ્ય ગાંધીજીની પરિકલ્પનાનું "રામરાજ્ય" દેશમાં સ્થાપિત થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હતું કે, દેશની જનતા અને આવનારી પેઢીઓના જીવનમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારો, આઝાદીની લડતમાં તેમનો ફાળો, અહિંસા, સામાજિક સમરસતાના તેઓના ઉપદેશો જીવંત રહે તે હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશમાં 'ગાંધી સંકલ્પ યાત્રા' યોજાઈ રહી છે.



ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે મફતલાલ લાલદાસ પટેલ અને નર્મદાબેન પટેલની જીવત ચર્યા પ્રસંગે ભોજન વધ્યુ હતું. એક ખેડૂત તરીકે તેમના પરિવારનો વિચાર કે અન્નનો બગાડ ના થવો જોઈએ. તેથી તેમણે એ વધેલું ભોજન ગાંધીનગરમાં અનેક વિસ્તારોમાં વસવાટ કરતા ગરીબ મજુરી કરતા ભુખ્યા પરીવારને આપી માનવતાનુ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# દત્તોપંત ઠેંગડીજી તેમના શાશ્વત ચિંતન દ્વારા અમર છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

ગાંધીનગર, તા. ૧૭
ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રદ્ધેય દત્તોપંત ઠેંગડીજી જન્મ શતાબ્દી વર્ષ સમારોહના



ગાંધીનગર ખાતે યોજાયેલા ઉદઘાટન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે શ્રદ્ધેય દત્તોપંત ઠેંગડીજી તેમના શાશ્વત ચિંતન દ્વારા આજે પણ અમર છે. રાજ્યપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે "રાષ્ટ્રહિત સર્વોપરિ" એમના ચિંતનનું હાર્દ હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે લોકો પૂર્વજોએ કંડારેલા રસ્તા ઉપર ચાલીને જિંદગી વિતાવે છે. જયારે મહાપુરુષો પોતાના વિચાર-ચિંતન અને સિદ્ધાંતો દ્વારા નવો પથ કંડારે છે. એટલું જ નહી લોકોને તે પથ પર ચાલવા પ્રેરિત કરે છે. શ્રદ્ધેય દત્તોપંતજી આવા મહાપુરુષો પૈકીના એક હતા. તેમણે જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ દત્તોપંતજી કર્તવ્યનિષ્ઠા, કર્મઠતા અને સંગઠનશકિતના ગુણોથી કાર્યકર્તાઓને પ્રેરિત કરતા. જેના કારણે જ તેમણે સ્થાપેલા ભારતીય કિસાન સંઘ, ભારતીય મજદૂર સંઘ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને સ્વદેશી જાગરણ મંચ જેવાં સંગઠનો આજે પણ રાષ્ટ્રહિત માટે સતત પ્રવૃત્તિશીલ છે. આ ચારેય સંગઠનોને વિચાર આંદોલન બનાવી વૈચારિક ચેતનાને જનમાનસ સુધી પહોંચાડીને શ્રદ્ધેય દત્તોપંતજી ખરા અર્થમાં સંગઠનકર્તા બની રહ્યા તેમ પણ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક ડૉ. જયંતીભાઈ ભાડેશિયાએ શ્રદ્ધેય દત્તોપંત ઠેંગડીજીનાં જીવન સ્મરણોને દોહરાવીને તેમના ગહન વ્યક્તિત્વનો પરિચય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભારત દેશે કુશળ સંગઠનોની હારમાળા સમાજને આપી છે તેમાં સ્વર્ગસ્થ ઠેંગડીજી અગ્રીમ હરોળના સંગઠનકર્તા તરીકે પોતાનું જીવન ન્યોછાવર કરનાર બની રહ્યા. તેમણે સ્વર્ગસ્થ ઠેંગડીજીને જ્ઞાન, ભક્તિ અને કર્મના સંયોગ સમા ગણાવતા ઉમેર્યું હતુ કે વિવિધ ક્ષેત્રોમાં રાષ્ટ્રના ઉત્કર્ષનું જ્ઞાન, રાષ્ટ્રની ભક્તિ અને ૮૪ વર્ષના આયુષ્યમાં ૬૦ વર્ષ સંગઠન કાર્યને સમર્પિત કરીને રાષ્ટ્રહિત સર્વોપરિતાના મંત્ર સાથે તેમણે પોતાનું જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.

# રાજ્યમાં ૧,૩૦,૦૦૦ મિલિયન ઘનમીટર વરસાદી પાણી પૈકી માત્ર ૧૩ ટકા ભૂગર્ભમાં ઉતરી રહ્યું છે!

## ટેલીકોમ કંપનીઓ માટે બુરેદિન, ક્યાંથી સરકારને ચૂકવશે આટલા બધાં રૂપિયા

## રાજ્યની બેન્કોની સ્થિતિ – ૫.૮૪ લાખ કરોડની લોન, NPA ૩૯૦૦૦ કરોડ રૂપિયા

## સરકાર સોલાર વીજળી વાપરી વધારાની ૧૦,૦૦૦ મેગાવોટ વેચવાની ફિરાકમાં

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કુદરત આપણને પાણી આપે છે પરંતુ આપણે તેનો સંગ્રહ કરી શકતા નથી. વૈજ્ઞાનિકોનો અભ્યાસ છે કે ગુજરાતમાં પાણીની મહત્તમ જરૂરિયાત ૩૫૦૦૦ મિલિયન ઘનમીટરની છે પરંતુ કુદરત ચોમાસા દરમ્યાન વર્ષે સરેરાશ ૧,૩૦,૦૦૦ મિલિયન ઘનમીટર પાણી આપે છે. રાજ્યમાં જળસંચયની સ્થિતિ કમજોર હોવાથી વરસાદી ચોખ્ખું પાણી દરિયામાં વહી જાય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે વરસાદનું ૩૧ પાણી જમીનમાં ઉતારવું જોઈએ પરંતુ કુદરતી રીતે માત્ર ૧૩ ટકા પાણી જમીનમાં ઉતરી રહ્યું છે. કુદરત આપણને દર વર્ષે વરસાદના રૂપમાં પાણીનો ખજાનો આપે છે પણ આપણે સંગ્રહ કરી શકતા નથી. ભારત અને પાકિસ્તાનની સરહદે આવેલું પાટણ જિલ્લાનું એવાલ ગામ પાણીની અછત અનુભવતા ગામડાઓને પ્રેરણા પુરી પાડે છે. ૭૦૦ની જનસંખ્યા ધરાવતા આ ગામમાં માત્ર ૧૫૦ મકાનો છે. ગામડાના પ્રત્યેક ઘરની બાજુમાં પાણીના મોટા ટાંકા બનાવવામાં આવ્યા છે જેમાં પાઈપલાઈન મારફતે વરસાદનું પાણી ભરવામાં આવે છે જે આખું વર્ષ ચાલે છે. એટલું જ નહીં નાનકડા ગામમાં ૮૦ જેટલી હવાચુસ્ત ટાંકીઓ છે. એવી જ રીતે અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામની સ્થિતિ અલગ જ છે. આ ગામની વસતી ૨૦૦૦ લોકોની છે અને પ્રત્યેક ઘરમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તેવી વ્યવસ્થા ફરજીયાત બનાવવામાં આવી છે. ગુજરાતમાં વનસંપત્તિ ધરાવતા ડાંગ જિલ્લામાં સૌથી વધુ વરસાદ છતાં ભૌગોલિક સ્થિતિના કારણે પાણી ટકતું નથી તેથી રાજ્યના પાણી પુરવઠા વિભાગે આદિવાસીઓના ઘરની છત પર જે વરસાદી પાણી પડતું હતું તેનો સંગ્રહ કરવા ઘરઆંગણે જ ૧૦ હજાર થી ૨૦ હજાર લીટરના ભૂગર્ભ ટાંકા બનાવ્યા છે. કમનસીબી એવી છે કે ગ્રામ્ય વિસ્તારમાં જળસંચયના કામો ચાલે છે પરંતુ શહેરો આ કામગીરીથી બાકાત છે. સરકારનો નિયમ હોવા છતાં બિલ્ડરો બોરવેલની સાથે રીચાર્જ વેલ બનાવતા નથી.

**મોબાઇલ કંપનીઓના જંગી દેવા સૌથી મોટી ચિંતા...**

ભારતની ટેલીકોમ કંપનીઓ પર હાલ ૭ લાખ કરોડ રૂપિયાનું દેવું છે. ખાસ કરીને વોડાફોન-આઈડિયા અને એરટેલના ભારત સ્થિત કારોબાર સામે મોટો પડકાર ઉભો થયો છે. આ બન્ને કંપનીઓને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ અને લાયસન્સ ફી અંગેના ચુકાદાથી સૌથી વધારે ફટકો પડ્યો છે. આ કંપનીઓએ પેનલ્ટી, વ્યાજ અને ફી સહિત કુલ ૮૧,૦૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવી પડશે. વોડાફોને એવી માગણી કરી છે કે સરકારે અમને દેવાંની ચૂકવણી માટે રાહત આપવી પડશે અન્યથા અમારા બિઝનેસને વિપરિત અસર પડી શકે છે. ટેલીકોમ ક્ષેત્રની ભારતની ત્રણ મોટી કંપનીઓની સંયુક્ત ખોટ ૧,૦૪,૧૦૭ કરોડ રૂપિયા નોંધાઈ છે જે પૈકી દેવાના બોજ નીચે દબાયેલી રિલાયન્સ કોમ્યુનિકેશને જુલાઈ-સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં ૩૦,૧૪૨ કરોડની ખોટ નોંધાવી છે. આ જ સમયમાં વોડાફોન-આઈડિયાએ ૫૦,૯૨૦ કરોડની ખોટ અને ભારતી એરટેલની ખોટ ૨૩,૦૪૫ કરોડ રૂપિયા થાય છે. દેશમાં ૨૦૧૬માં ટેલીકોમ ક્ષેત્રે ૧૨થી વધુ કંપનીઓ હતી જેમાં હવે માત્ર ચાર વધી છે. આજે રિલાયન્સ જીયો ૩૫ કરોડ ગ્રાહકો સાથે નંબરવન પર છે. છેલ્લા ચાર વર્ષમાં અનિલ અંબાણીની રિલાયન્સ કોમ્યુનિકેશન, ટાટા ટેલિસર્વિસ, એરસેલ, ટેલિનોર, સિસ્તેમા અને વિડિયોકોન નામશેષ થઈ ચૂકી છે જે પૈકી રિલાયન્સ કોમ્યુનિકેશન, એરસેલ અને વિડિયોકોને નાદારી નોંધાવી છે જ્યારે ટાટા ટેલી અને ટેલિનોરને એરટેલમાં મર્જ કરી દેવામાં આવી છે. હવે જો વોડાફોન નાદાર થાય તો બેન્કોનું એક લાખ કરોડનું સૌથી વધુ એનપીએ બનશે.

**૩૦,૦૦૦ મેગાવોટ ક્લીન એનર્જીનું લક્ષ્યાંક...**

ગુજરાત સરકારે ૨૦૨૨ સુધીમાં તેની ક્લીન વીજળી (રિન્યુએબલ એનર્જી)નું ઉત્પાદન ૩૦,૦૦૦ મેગાવોટ થવાની ધારણા રાખી છે પરંતુ ઉર્જા વિભાગના સૂત્રો કહે છે કે રાજ્યમાં ૨૦,૦૦૦ મેગાવોટની વીજળી વાપરીને ૧૦,૦૦૦ મેગાવોટની વીજળી બીજા રાજ્યોને વેચી દેવામાં આવશે. અત્યારે રાજ્યમાં પવન ઉર્જા થકી ૬૮૮૦ મેગાવોટ અને સોલાર ક્ષેત્રે ૨૬૫૪ મેગાવોટની વીજળી પેદા થાય છે. રાજ્યમાં વીજળીની કુલ સ્થાપિત ક્ષમતા ૩૨૭૪૮ મેગાવોટની છે જેની સામે રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા ૯૬૬૯ મેગાવોટ છે. મહત્વની બાબત એવી છે કે ગુજરાત રૂફટોપ સિસ્ટમ લગાવનારૂં ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૩૫૦૦ આવાસોમાં રૂફટોપ સિસ્ટમથી ૧૯૮ મેગાવોટની ક્ષમતા પેદા થાય છે. રાજ્ય સરકારે ૨૦૨૨ સુધીમાં ૮ લાખ આવાસોમાં રૂફટોપ સિસ્ટમ લગાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ સિસ્ટમ થકી રૂફટોપમાં ૨૪૦૦ મેગાવોટની વીજળી પેદા કરાશે. ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં ધોલેરા એસઆઈઆરમાં ૯૮૦૦ હેક્ટર જમીનમાં ૫૦૦૦ મેગાવોટ અલ્ટ્રા મેગાવોટ સોલાર પાર્કનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારે રાજ્યના ૩૩ લાખ જેટલા નાના અને મધ્યમ ઉદ્યોગોમાં સોલાર ઉત્પાદન શરૂ કરવાની યોજના બનાવી છે કે જેથી વીજળીમાં તેઓ આત્મનિર્ભર બની વધારાની વીજળી યુનિટ દીઠ ૧.૭૫ રૂપિયાના ભાવે ગ્રીડમાં આપી શકશે.



**સચિવાલયમાં એક જ પ્રશ્ન-- કોણ હશે નવા CS...**

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં ફરી પાછી ફેરબદલ આવી રહી છે. નવેમ્બરના અંતે હાલના ચીફ સેક્રેટરી ડો. જેએન સિંહ વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે નવા ચીફ સેક્રેટરીની શોધ ચાલી રહી છે. ગુજરાત સરકારે ત્રણ નામોની પેનલ દિલ્હી મોકલવાની થાય છે. સચિવાલયના સૂત્રો જેએન સિંહને બીજીવાર એક્સટેન્શન મળે તેવી કોઈ શક્યતાનો ઈન્કાર કરી રહ્યાં છે ત્યારે ૧૯૮૪ બેચના મોસ્ટ સિનિયર આઈએએસ ઓફિસર અને હાલના નાણા વિભાગના અધિક મુખ્યસચિવ અરવિંદ અગ્રવાલને આ પદ મળે તેનો ઈન્કાર થઈ શકતો નથી. જો કે તેમની નિવૃત્તિ એપ્રિલ ૨૦૨૦માં હોવાથી તેઓને આ પદ મળેતો માત્ર પાંચ મહિના રહી શકશે. સૂત્રો એવું પણ કહી રહ્યાં છે કે ગુજરાતના નવા ચીફ સેક્રેટરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પરામર્શમાં રહીને થશે, જો તેમ થશે તો નવી દિલ્હીથી કોઈ સિનિયર આઈએએસ ઓફિસરને ગુજરાતમાં મોકલવામાં આવે તેવી પણ સંભાવના છે અથવા તો સરકારને અનુકૂળ હોય તેવા લાંબી રેસના ઓફિસરને સરકારના વહીવટી તંત્રનું સુપ્રીમ પદ મળી શકે છે જેમાં માન્યામાં ન આવે તેવું નામ પણ હોઈ શકે છે. રાજ્ય સરકાર જે ફેરબદલ કરવાની છે તેમાં કેટલાક પ્રમોશનો પણ છે. રાજ્યના અગ્રસચિવમાંથી અધિક મુખ્યસચિવ પદના પ્રમોશન પણ આપવાના થાય છે. આ મહિનાના અંતમાં મળનારી ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટીની બેઠક પછી હાલના મુખ્યસચિવ જેએન સિંહની દોરવણી હેઠળ પ્રમોશન અપાશે. પ્રમોશનની પ્રક્રિયા દરમ્યાન ૧૯૮૮ બેચના ત્રણ ઓફિસરો – સંજય નંદન, અનુરાધા મલ્લ અને અનિતા કરવલ તેમજ ૧૯૮૯ બેચના પંકજ જોષી, કે શ્રીનિવાસ, એકે રાકેશ અને સુનયના તોમરના નામ સામે આવ્યાં છે.

**૨૦૨૫ સુધીમાં ભૂગર્ભ જળ પીવાલાયક નહીં હોય...**

ગુજરાતમાં ચાર ભિન્ન પ્રદેશોમાં પાણીની ગુણવત્તા અલગ અલગ જોવા મળે છે. રાજ્યમાં સૌથી સારૂં પાણી મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હોવાનું અધ્યયન થયું છે જ્યારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પાણીની ગુણવત્તા સામે વર્ષોથી સવાલો થયાં છે. રાજ્યમાં સપાટી પરના અને ભૂગર્ભ જળના સ્ત્રોત ખૂટી રહ્યાં છે. અત્યારે લગભગ ૫૫૬૦૦ મિલિયન ઘનમીટર એટલે કે ૩૧૮૦૦ મિલિયન ઘનમીટર સપાટી પરના જળ અને ૧૭૫૦૦ મિલિયન ઘનમીટર ભૂગર્ભજળ હોવાનો અંદાજ છે. રાજ્યના જળતજજ્ઞોના મતે ગુજરાતમાં ૮૮ ટકા પાણી સિંચાઈમાં વપરાય છે. ૧૦ ટકા પાણી ઘરવપરાશમાં લેવાય અને બે ટકા પાણી ઉદ્યોગો માટે પુરૂં પાડવામાં આવે છે. અંદાજ છે કે ૨૦૨૫ સુધીમાં રાજ્યના મોટાભાગના જળસ્ત્રોતમાં પાણીનો જથ્થો ચિંતાજનક રીતે ઓછો થશે જે નવી પેઢી માટે પડકારરૂપ છે. રાજ્યના મોટાભાગના ભૂગર્ભ જળ સ્ત્રોત વન-થર્ડ વિસ્તાર સુધી મર્યાદિત છે. આ પ્રદેશોમાં ભૂગર્ભજળનો વધુ ઉપયોગ થતાં પ્રતિવર્ષ ત્રણ થી પાંચ મીટરના દરે પાણી ઉંડા ઉતરતાં ગુણવત્તા હલકી થતી જાય છે. રાજ્યમાં ભૂગર્ભજળને વ્યક્તિગત સંપત્તિ માનવામાં આવતી હોવાથી તેના દોહનમાં કોઈ મર્યાદા રહેતી નથી. બીજી તરફ કુદરતી જળાશયો અને કેનાલો પર અતિક્રમણ થાય છે. જો કે તે જથ્થો સરકારના હાથમાં હોવાથી તેમાં નિયંત્રણ મૂકી શકાય છે. રાજ્યની જનતા વધુમાં વધુ સરફેસ વોટર મેળવે તો આરોગ્યને ફાયદો થાય છે એટલું જ નહીં ભૂગર્ભ જળ સલામત રહે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકિનારાના વિસ્તારોમાં ભૂગર્ભ જળ વધુ ખેંચવામાં આવતું હોવાથી સમુદ્રના પાણી ઘૂસી જતાં જમીનમાં ખારાશનું પ્રમાણ વધે છે. અભ્યાસનું તારણ દર્શાવે છે કે રાજ્યમાં ૨૦૨૫ સુધીમાં પાણીની આયાત કરવી પડે તેવી સ્થિતિ ઉભી થશે કારણ કે નર્મદા કેનાલના પાણી આખા ગુજરાતને મળી શકતા નથી. સરકારે તાજેતરમાં પાણી ફાળવણીનો અગ્રતાક્રમ જાહેર કર્યો છે જેમાં પેયજળને પહેલો પ્રેફરન્સ આપવામાં આવ્યો છે. ત્યારપછી સિંચાઈ, જળવિદ્યુત મથક, કૃષિ, ઉદ્યોગ, પર્યાવરણ અને જળપરિવહનનો ક્રમ આવે છે.

**ગુજરાતની બેન્કોનું એનપીએ ૩૯૦૦૦ કરોડ...**

ભારતની બેન્કોનું નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ) વધતું જાય છે તેમ ગુજરાતની બેન્કોનું પણ એનપીએ વધ્યું છે. રાજ્યની બેન્કોએ ૫.૮૪ લાખ કરોડ રૂપિયાની લોન આપેલી છે જે પૈકી ૩૮,૫૨૦ કરોડ રૂપિયાનું એનપીએ થયું છે. જે રકમ એનપીએ થઈ છે તેમાં ૨૧૫૬ કરોડની ક્રોપ લોન છે. ૩૩૮૦ કરોડની એગ્રીકલ્ચર ટર્મલોન છે. ૮૬૬૫ કરોડ એમએસએમઈની લોન છે જ્યારે અન્ય પીએસની ૧૯૬૬ કરોડ મળી કુલ ૧૬૧૬૭ કરોડ રૂપિયા પ્રાયોરિટી સેક્ટરની એનપીએ છે. બીજી તરફ નોન પ્રાયોરિટી સેક્ટરની એનપીએ વધીને ૨૨,૩૫૨ કરોડ રૂપિયા થવા જાય છે. ગુજરાતમાં હાઉસિંગ લોનમાં ૭૦૭ કરોડની તેમજ એજ્યુકેશન લોનમાં ૫૩ કરોડ રૂપિયાની એનપીએ છે જેની સામે બેન્કો ડિપોઝીટ લેવામાં પાછી પડી છે. ઓછા વ્યાજદરના કારણે બેન્કોની ડિપોઝીટનો વિકાસ દર ધીમો પડ્યો છે. સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતની બેન્કોની બેડલોનમાં ૭૦ ટકાનો વધારો થયો છે. દેશની ૧૦ રાષ્ટ્રીયકૃત બેન્કોના વિલિનિકરણ પછી પણ આ બેન્કોની એનપીએ ૯,૯૭,૩૧૧ કરોડ રૂપિયા છે. બેન્ક એમ્પ્લોઈઝ એસોસિયેશન કહે છે કે દેશમાં ૧.૧૨ લાખ કરોડના ૯૬૦૦ ડિફોલ્ટરો પાસે રૂપિયા છે છતાં તેઓ ભરવા તૈયાર નથી તેથી બેન્કોના નફાનું ધોવાણ થઈ રહ્યું છે. ગયા નાણાકીય વર્ષમાં રાષ્ટ્રીયકૃત બેન્કોએ ૧.૫૦ લાખ કરોડનો નફો કર્યો હતો જેની સામે બેન્કોની એનપીએમાં ૨.૧૬ લાખ કરોડનો વધારો થયો હતો તેથી બેન્કોની મૂડીમાંથી ૬૬ હજાર કરોડ ધોવાઈ ગયા છે.